## …આગળ વધો!

જો તમે તમારી નોકરીમાં ફસાઈ ગયાં છો તેવું લાગતું હોય, તો કઈ દિશા લેવી તે જાણવું મુશ્કેલ લાગી શકે છે.  તમે શું કરવા માગો છો તેનો નિર્ણય લેવામાં અમે તમારી મદદ કરી શકીએ છીએ.

- સ્થાનિક અભ્યાસક્રમો વિશે મને ક્યાંથી જાણકારી મળે?
- હું ફરીથી તાલીમ મેળવવા માગું છું – કામ કરતાં કરતાં તે હું કેવી રીતે કરી શકું?
- મારી તાલીમ માટે મને નાણાકીય મદદ મળી શકશે?
- બાળસંભાળ માટેની મદદ મને ક્યાંથી મળી શકે?

આ બધા જ અને બીજા વધારે પ્રશ્નોના જવાબ મેળવવામાં અને આગળનું પગલું આત્મવિશ્વાસ સાથે લેવામાં અમે તમારી મદદ કરી શકીએ છીએ.

## આગળનું પગલું લો

તમારી છૂપાયેલી શક્તિઓને આજે જ છૂટી મૂકો – આનાથી વધારે સારી ઘડી ક્યારેય નથી આવી.

જે તમને વધારે સંતોષકારક નોકરી મેળવવાના માર્ગ ઉપર મૂકે અથવા તમે જે કંઈ પણ કરો તેમાં તમારો આત્મવિશ્વાસ વધારે તેવી મફત માહિતી માટે અમારો સંપર્ક કરો.

વધારે જાણકારી મેળવવા માટે તમે અમારો ફોન કે ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરી શકો છો અથવા નીચેના સરનામે પત્ર લખી શકો છો.

IAG contact details

Funded by:

Leading learning and skills

FOI_[Insert local reference number]
Gujarati

વધારે કમાણી કરો

જીવનમાંથી વધુ મેળવો

# ફસાઈ ગયાં હોય એવું લાગે છે? અમે તમને મદદ કરી શકીએ છીએ…

કારકિર્દી બદલો

નવી આવડતો વિકસાવો

કશુંક નવું શીખો

nextstep
advice on learning and work

## અમે કેવી રીતે મદદ કરી શકીએ

શું તમે તમારી નોકરીમાં ફસાઈ ગયાં છો અને કંઈક બદલવા માગો છો? જીવનમાંથી વધુ મેળવવા માગો છો? નવી નોકરીની જરૂર છે? તમારી સ્થાનિક 'નેક્સ્ટસ્ટેપ સર્વિસ' તમને શીખવા, તાલીમના અભ્યાસક્રમો અને નોકરીઓ વિશે મફત માહિતી આપી શકે છે.

### શરૂઆત કરો...

અમે નોકરીની તમારી સંભાવાનાઓ સુધારવામાં, લાયકાત મેળવવામાં કે પછી ફક્ત તમારી નોકરીમાં વધારે સફળ થવામાં તમારી મદદ કરી શકીએ છીએ.

### તમારા માટે યોગ્ય હોય તેવી સલાહ મેળવો...

જો તમારી પાસે બહુ લાયકાતો ન હોય (દા.ત. પાંચ જી.સી.એસ.ઈ.ઝ કરતાં ઓછા અથવા એન.વી.ક્યૂ. લેવલ 2 લાયકાત), તો તમારી સ્થાનિક 'નેક્સ્ટસ્ટેપ સર્વિસ' તમારા માટે એક મફત સલાહ બેઠક ગોઠવી શકશે.

તમે આવીને અમારા મળતાવડા સ્વતંત્ર સલાહકારોમાંથી કોઈ એક સાથે વાત કરવા માટેનો સમય ગોઠવી શકો છો. તેઓ તમને તમારા વિસ્તારમાં શીખવા માટેની તકો વિશે અને તમને કોઈ નાણાકીય મદદ મળી શકે તેમ છે કે નહિ તેની માહિતી અને સલાહ આપશે. તમારા સલાહકાર તમારી સાથે તમારી આવડતો અને રસના વિષયો વિશે વાત કરશે અને તમે હવે પછી શું કરવા માગો છો તેનો નિર્ણય લેવામાં તમારી મદદ કરશે.

### વધારે મેળવો...

અને તમારી 'નેક્સ્ટસ્ટેપ સર્વિસ' પાસે નવી નોકરીઓ, બાળસંભાળ, શીખવા અને તાલીમ મેળવવા માટેની ગ્રાન્ટ્સ (નાણા સહાય) અને જો તમને અસમર્થતા હોય તો મદદ માટે ક્યાં જવું તે બધા વિશે ઘણી બધી ઉપયોગી માહિતી અને સલાહ છે.

**'મેં 15 વર્ષની ઉંમરે કારકિર્દી વિશેની કોઈ સલાહ મેળવ્યા વગર સ્કૂલ છોડી હતી. તેના લીધે અત્યારે મારામાં શું ફેર પડી શકે તેમ છે તે મેં સ્વપ્નેય વિચાર્યું ન હતું.'**

## આગળ વધવું

**નીલે** સ્કૂલ છોડયા પછી પગાર મળતી એક જ નોકરી કરી હતી અને તે બહુ લાંબી ચાલી નહિ. નીલના 'નેક્સ્ટસ્ટેપ' સલાહકારે તેને કાયમી નોકરીઓ માટે અરજી કરવાનું અને વાંચન અને ગણિતની તેની પાયાની આવડતો સુધારવા માટેનું પ્રોત્સાહન આપ્યું.

**'મારી પાયાની આડવતો સુધારવાથી, હું રોજગારમાં આગળ વધી શક્યો. મારો આત્મવિશ્વાસ વધ્યો અને મારી વાતચીત કરવાની આવડતો પણ સુધરી...હું આજે જ્યાં છું તેનો મને ગર્વ છે - નવું સ્કૂટર, બેન્કમાં બચત અને સ્વતંત્રતા.'**

## નવી દિશા પકડવી

**બિલે** વિચાર્યું ન હતું કે સ્થાનિક ઈતિહાસ અને કેરેવાનમાં રહેલા તેના રસને લીધે તેને નવી નોકરી મળવામાં મદદ થશે. પરંતુ તેના 'નેક્સ્ટસ્ટેપ સર્વિસ'ના સલાહકારની મદદથી તે તેના જ્ઞાનની કદર કરી શકે તેવા કેરેવાન પાર્કસમાં નોકરી માટેની અરજીઓ કરી અને આ રીતે તે પોતાની નોકરીની શોધ વિસ્તારી શક્યો હતો.

**'લોકોને જીવનમાં લક્ષ્યની જરૂર હોય છે - તમને શું જોઈએ છે તે નજર સામે રાખો અને તે મેળવવા માટે આગળ વધો!'**

## કામે પાછાં જવું

**દર્શના** 1988માં ભારતથી ઈંગ્લેન્ડ આવી હતી અને બાળકો થયા પછી ફરી પાછું પાર્ટ-ટાઈમ કામ શરૂ કરવા માગતી હતી. તેના સ્થાનિક 'નેક્સ્ટસ્ટેપ' સલાહકારે તેને નોકરી મેળવવાની આખીયે પ્રક્રિયા દરમ્યાન મદદ કરી.

**'મારા સલાહકાર સાથેની બેઠકો ખૂબ જ સરસ અને અત્યંત ઉપયોગી હતી. અંગત રીતે, મારામાં આત્મવિશ્વાસ વધ્યો છે અને નવા પડકારોનો સામનો કરવા માટે હું તૈયાર છું.'**